ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ

ભાવ પત્રકની ટૂંકી નિવિદા :- જીઆઇડીસી કચેરીનું સ્થળાંતર

**કામનું નામ** :- જીઆઈડીસી અમદાવાદની ક્ષેત્રિય કચેરીનું ફડીયા ચેમ્બર્સ આશ્રમ રોડથી જીએમડીસી બિલ્ડિંગ વસ્ત્રાપુર અમદાવાદ ખાતે સ્થળાંતરની કામગીરી અંગે સુધારો.

તા. ૨૫/૦3/૨૦૧૭ ના રોજ 'ગુજરાતસમાચાર' તથા 'સંદેશ' માં પ્રસિધ્ધ થયેલ ટૂંકી નિવિદામાં નીચે મુજબનો સુધારો વધારો કરવામાં આવે છે.

(૧) ભાવ પત્રક સાથે રૂ. ૫૦૦૦/- ની **EMD** ની રકમ ડીમાન્ડ ડ્રાફ્ટ દ્વારા તા. ૦૫/૦૪/૨૦૧૭ સુધીમાં "કાર્યપાલક ઈજનેર જીઆઈડીસી" અમદાવાદના નામે આપવાની રહેશે.

(૨) ટેન્ડર ફી રૂ. ૬૦૦/- રોકડા/ ડી.ડી. થી કાર્યપાલ્ક ઈજનેરશ્રી, અમદાવાદની કચેરીએ તા. ૦૫/૦૪/૨૦૧૭ સુધીમાં ચુકવવાની રહેશે.

વધુમાં નીચે મુજબની શરતોએ કામગીરી કરવાની છે.

(૧) સદર શીફટીંગની કામગીરી માટે તમામ સામાનની જવાબદારી એજન્સીની રહેશે.

(૨) મજુરોની અકસ્માત કે અન્ય તમામ જવાબદારી એજન્સીની રહેશે.

(૩) ઈજારદાર પાસે ઈલેકટ્રીકલ કામકાજ કરવાનો ઈલેકટ્રીકલ લાયસન્સ બોર્ડ તરફથી મળેલ અધિકૃત પરવાનો હોવો જરૂરી છે. અથવા આ પ્રકારનો પરવાનો ધરાવનાર એજન્સી પાસેથી કામગીરી હાથ ધરવાની રહેશે. આ બાબતે ઈલેકટ્રીકલ કામ અંગેની સંપૂર્ણ જવાબદારી સદર એજન્સીની જ રહેશે.તદઉપરાંત વીજળી ઉપકરણોને લગતી તમામ કામગીરી ફકત વાયરમેન,ઈલેકટ્રીશિયન પરીક્ષા પાસ કરેલ હોય તથા અનુભવી માણસો પાસે કરવાની રહેશે.

(૪) સદર કામગીરી સુપરત કરવામાં આવ્યા પછી જો સંતોષકારક રીતે પૂર્ણ કરવામાં નહી આવે અને અધૂરી રાખવામાં આવશે તો **EMD** જપ્ત થશે.

(૫) માલ-સામાનના શીફટીંગ માટે જરૂરી વાહન-વ્યવસ્થાની સંપૂર્ણ જવાબદારી એજન્સીની રહેશે તથા વાહનના મંજૂર થયેલ **R.T.O.** ના કાગળો વિગેરે સાથે રાખવાના રહેશે. તથા ડ્રાઈવર પાસે લાયસન્સ હોવુ ફરજિયાત છે. અને આ વાહન-વ્યવહાર અંગેની સંપૂર્ણ જવાબદારી એજન્સીની રહેશે.

(૬) સદર કામગીરી દિવસ દરમિયાન સવારે ૧૦.૦૦ થી ૬.૦૦ સાંજ સુધીમાં કરવાની રહેશે.

(૭) કોમ્પ્યુટર, પ્રિન્ટર, વિગેરે સામાનને યોગ્ય રીતે જાળવીને પેક કરીને લઈ જઈ સુચના મુજબ ગોઠવી આપવાનો રહેશે.

અધિક્ષક ઈજનેર,

જીઆઈડીસી, અમદાવાદ.